GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS
GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીની ‘સમગ્ર કવિતા’ : 'આત્માની માતૃભાષા'

ડૉ. દીપક પંડ્યા

॥ પંચવટી ॥
૧૦૦૦/૧, સેક્ટર : ૨/ડી,
ગાંધીનગર : ૩૮૨૦૦૭
Mo. 9427026979

ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશી પોતાને કવિતા તરફ પ્રેરવામાં બે વાનાંનો ફાળો ગણાવે છે, *“પહેલી મૂડી એ કુટુંબનું અત્યંત વ્હાલસોયું વાતાવરણ, અને બીજી મૂડી એ પ્રદેશનું નિસર્ગસૌન્દર્ય, ડુંગરની ભેખડે આવેલા ઊગમણાં ઘરની સામે ક્ષિતિજ ઉપર ગિરિમાળાને મથાળે રમતા ઉષાના રંગો અને ક્યારેક તરવરતો સારસનો ધ્વનિ, લીલાંછમ ખેતર, ચોમાસાના ઉત્સવો, વધામણાં, ઉજાણી અને મેળા.”* આ બધાં ગળથૂથીમાં જ મળેલા અનુભવોમાં ઉમાશંકરને ખાસ કરીને મેળાઓની છાપ મહત્ત્વની લાગે છે. તેઓ લખે છે : *“મેળો એકદમ આપણને આપણા સીમિત કુટુંબમાંથી ઉઠાવીને એક વિશાળ કુટુંબના બનાવી દે છે.”* સૌન્દર્યધામ શામળાજીનો મેળો ઉમાશંકર માટે ગીતલેખનની યુનિવર્સિટી બની રહે છે.

‘કવિતા આત્માની માતૃભાષા’ લેખમાં ઉમાશંકર *‘સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે’*ને જીવનનો આરંભ કરવા માટેના મંત્ર તરીકે ઓળખાવે છે. તેઓ જાતને ઉદ્દેશીને કહે છે : *“વિશ્વમાં સૌન્દર્યની સતત ધારાવર્ષા થઈ રહી છે. તેં જો તેને તારી અંદર ઉતારી હશે તો તારું ઉરઝરણ પછી આપમેળે ગાવા મંડી પડશે.”* ઉમાશંકરના હૃદયને અર્બુદગિરિના અનુભવે પ્રકૃતિપ્રેમને હેલે ચડાવ્યું, એ અનુભવ તેમને માટે કાવ્યદિક્ષા આપનારો બની રહ્યો, તો ૧૯૩૦ની સત્યાગ્રહની લડત સમયનો જેલમાં થયેલો અનુભવ જીવનસમગ્રની દિક્ષા પ્રેરનારો બની રહ્યો. એ અનુભવ વિષે ઉમાશંકર લખે છે : *“એક દિવસ વહેલી સવારે માથા ઉપર જાણે કોઈ અગોચર સ્પર્શ થયો હોય અને તેના વેગ નીચે દબાઈને આખું અસ્તિત્વ જાણે પૃથ્વીની સપાટી સાથે સમરેખ થઈ ગયું હોય એવો અનુભવ થયો. જાણે પ્રકાશભર્યા આત્મવિલોપન ભાવ ઊભરાઈ રહ્યો. શૂન્યતાનો નહીં પણ સભરતાનો એ અનુભવ હતો.”*

આ અનુભવની છાયામાં ઉમાશંકરને એક નાટક સૂઝ્યું. એમાં નક્ષત્રો-ગ્રહો પાત્રો રૂપે હતાં. સ્વયં કાલ પણ એક પાત્ર હતો. સનાતનતાના વાઘા સજીને કાલ પ્રવેશે છે અને પોતાની મહત્ત્વાકાંક્ષા પ્રગટ કરે છે જે આખાયે નાટકના બીજરૂપ છે. તે કહે છે કે સૃષ્ટિમાં સૌન્દર્યની સ્થાપના કરવામાં પોતે કાંઈક સફળ થયો છે :

“તેજને પૂર્યું તારલીએ, દીધ પરિમલને ફૂલવેશ,
વિશ્વને આંગણ વેરવા માટે, પ્રેમભીના સંદેશ”

હવે વિશ્વમાં પ્રેમતત્ત્વની પ્રતિષ્ઠા થયેલી પોતે જુએ એટલે બસ. આ નાટકનો વચલો અંક માનવજાતિના ઇતિહાસની મુખ્ય ક્ષણોને સ્પર્શવાનો હતો. આખો પ્રયત્ન માનવજીવનમાં સંવાદની શક્યતાઓ તપાસવાનો અને

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

પ્રેમધર્મનો મહિમા ગાવાનો હતો. એ નાટક ઉમાશંકર એ વખતે લખી શકે તેમ ન હતા પણ કૃતિની તૈયારી માટે ભણવાનો એક આખો અભ્યાસક્રમ એમને અનાયાસે મળી રહ્યો. આ સંદર્ભે ઉમાશંકર લખે છે : *"એ કાવ્યકૃતિ સૂઝી એ પછીથી ભલે એ પોતે આખી રચાઈ નથી, પણ એમાંથી અનેક નાની-મોટી કૃતિઓ ઉદભવી છે."* આમ પેલો પ્રકાશપૂર્ણ આત્મવિલોપનનો પરમ અનુભવ વિશ્વ સાથે, માનવજાતિ સાથે તાદાત્મ્ય અનુભવવા એમને વારંવાર પ્રેર્યા કરે છે.

'વિશ્વશાંતિ'થી 'સપ્તપદી' સુધી ઉમાશંકરનાં દસ કાવ્યસંગ્રહોની પ્રસ્તાવનાઓ 'સમગ્ર કવિતા'ની ૧૯૮૧ની બીજી આવૃત્તિમાં પ્રગટ થઈ છે તે બધી 'થોડુંક અંગત' પુસ્તકમાં એકસાથે આપવામાં આવી છે. 'વિશ્વશાંતિ'ની પ્રસ્તાવનામાં ઉમાશંકર ગાંધીજી પ્રેરિત સત્યાગ્રહ અને સ્વાતંત્ર્યની લડતમાં શા માટે જોડાયા તે અંગે ખુલાસો આપતાં કહે છે : *"જીવનનું નિયામક તત્વ પશુબળ નહીં પણ પ્રેમ છે, એવી સમજણથી."* 'વિશ્વશાંતિ' પાછળની ઉમાશંકરની વિભાવના મુગ્ધ છે : "જ્યાં સુધી આ વિશાળ વિશ્વમંદિરના એકાદ ખૂણામાં પણ સત્ય, પ્રેમ કે સૌન્દર્ય ઘવાતાં હોય, ત્યાં સુધી વિશ્વમાં અખંડ શાંતિ હોઈ શકે નહીં. આપણી પૃથ્વી પર પ્રતિપળે દુભાયેલા પ્રેમના નિઃશ્વાસના પડઘા શાંતિને અહોરાત વીંધી રહે છે એ સ્પષ્ટ છે. આખા વિશ્વની શાંતિ એક પૃથ્વીના જ પાપે થથરી જતી હોય તો તે અટકાવવા મનુષ્યજાતિએ એક પણ પ્રયત્ન બાકી રાખવો જોઈએ નહીં." 'વિશ્વશાંતિ'નું કેન્દ્રભૂત દૃશ્ય છે :

"પ્રકાશનો ધોધ અમોઘ ઝીલતી,
ધપે ધરા નિત્ય પ્રવાસ પંથે"

પેલા નાટકનું કેન્દ્રભૂત દૃશ્ય પણ એ જ છે. પ્રકાશ તે પ્રેમનો, સંવાદિતાનો, શાંતિનો હોય એ એમની કૃતિઓમાં અપેક્ષિત છે. ઉમાશંકર ઉપરની બે પંક્તિઓ પછી તરત નીચેની બે પંક્તિઓ આપે છે :

"ઝૂમી રહી પાછળ અંધકારની,
તૂટી ભેખડ અર્ધ અંગે"

પૃથ્વીને અન્વયે પ્રકાશવિરોધી અંધકારની ભેખડો, માનવને અન્વયે પ્રેમવિરોધી તત્ત્વો - દ્વેષ, વેર, ગૃધિષ્ણુતા, અસહિષ્ણુતાની, એક શબ્દમાં દુરિતની. પ્રકાશના ધોધ ઝીલતી, વેગથી ધપતી ધરાના ચિત્રે માત્ર ઓગણીસ-વીસ વર્ષની ઉંમરે ઉમાશંકરની સંવિદનો કબજો લીધો. કવિ કહે છે : *"તે માટે પાર વગરની મુશ્કેલીઓનો આરંભ થયો. અલબત્ત, આંતર ઘડતરનો એક માર્ગ ખૂલ્યો, જે નમ્રપણે ધીરપણે, યથાશક્તિએ અપનાવવો રહ્યો, જો એમાં ક્યારેક સંવિદમાંથી કવિસંવિદ નીપજે."* આ સંદર્ભે ઉમાશંકર વધુમાં લખે છે : *"સર્વનાશની સામગ્રીના ખડકલા, બધું હલાહલ બહાર આવે એવા સંસારમંથનના ઉધામા, ૭૦ ટકાની ચાલુ તંગ હાલત, નેતૃત્વના દેવાળા જેવી સ્થિતિ, માત્ર રડ્યાખડ્યા સંવેદનશીલ જગતના નાગરિકોની આ બધા અંગે સભાનતાભરી નિરંતર ઊંડી ચિંતા - એ બધું સંવિદનો ભાગ તો બની શકે, પણ એમાંથી કવિસંવિદની નીપજ એ જુદી વાત છે."* કવિસંવિદ એટલે કે કાવ્યવાતાવરણ, એ એવો કીમિયો છે કે, કુહાડાના ઘાથી ઝાડ પડતાં નિરાધાર ડુંગર ફસડાઈ પડયા જેવું થાય. તેમાં વિશ્વનું ડૂસકું સંભળાય અને બે લીટી, અરે, એક લીટીની પણ કાવ્યકૃતિ જો વિશ્રાંતિનો અનુભવ કરાવી શકે તો ઉમાશંકર કહે છે તેમ : *"વિશ્વશાંતિના મહાલયના ચણતરમાં એક નક્કર ઈંટ ઉમેરાય."*

'મારે 'વિશ્વશાંતિ' ફરી લખવાનું થાય તો?' લેખમાં ઉમાશંકર કેટલીક કંડિકાઓ અને પંક્તિઓને છોડવાનું મન ન થાય તેમાં ત્રીજા ભાગ 'જીવનનો કલાધર'ના અંતની નીચેની પંક્તિઓ ગણાવે છે :

"અજાત શત્રુ, સ્થિતપ્રજ્ઞ, સૌમ્ય, ઝંખી રહ્યા બ્રહ્મચર્ય જ બ્રહ્મ,
નિષ્કામ ચર્યા નીરખી તમારી, પ્રત્યક્ષ ગીતા જીવતી નિહાળી."

https://www.gapbhasha.org/

'વિશ્વશાંતિ'ના છ ભાગને સાંધનારું સૂત્ર હોય તો તે એક આદર્શ પ્રત્યેની અભીપ્સા. 'વિશ્વશાંતિ'માં ભાવનામયતાની એકતા છે. જે ભાવનાને માનવે વાસ્તવિકતા બનાવ્યા વિના છૂટકો નથી, તેનું ગાન કવિ નીચેની પંક્તિઓમાં કરે છે :

"વસુંધરાના સહુ બાળકો મળી, બજાવીએ અંતર-એકતારા,
હૈયેહૈયાં પ્રેમગાને જગાવી, પ્રજાપ્રજા હાથમાં હાથ ગૂંથી,
ને સ્કંધે સ્કંધે અંગે મિલાવી, ગજાવીએ સૌ જગઉંબરે ઊભી,
માનવ પ્રકૃતિ સૌને વસુધૈવ કુટુમ્બકમ્"

'વિશ્વશાંતિ'ના આરંભે પ્રકાશના ધોધ ઝીલતી આગળ ધપતી પૃથ્વીનું ચિત્ર છે. પૃથ્વીની સૂર્ય વિરોધી બાજુના પળે પળે બદલાતા અર્ધાંગ ઉપર જેનું નૃત્ય ચાલ્યા કરે છે તેને ઉદ્દેશીને 'નિશીથ'માં ઉદબોધન છે. તેમાં નર્તક અતલાન્ત બ્રહ્માંડો વ્યાપી વળે છે અને પૃથ્વી તો પાદપીઠ સમી બની રહે છે. 'નિશીથ' રચનાસમયે ઉમાશંકરની દૃષ્ટિ આગળ મુખ્યત્વે નટરાજની સ્થિર છતાં અત્યંત ગતિધર્મી શિલ્પમૂર્તિ હતી. 'નિશીથ'માંની 'આત્માના ખંડેર' સોનેટમાલામાં યથાર્થ હકીકતના સ્વીકારની કથા છે. જે અત્યંત ચિંતનશીલ છે, જે સતત સંવેદનશીલ છે, તેનું વ્યક્તિત્વ શરૂઆતમાં તો રંગ અને રૂપના, રાગ અને પરાગના પ્રથમ સ્પર્શથી વિકસતું ભાસે છે, પણ આયુષ્યના અનિવાર્ય અનુભવોને અંતે એ શતખંડ તૂટ્યા વિના રહેતું નથી. અસહ્ય વસ્તુ તો એ છે કે આસપાસ નજર કરતાં પણ એવાં વ્યક્તિત્વના ખંડેરો જ જોવા મળે છે. આ યથાર્થને ચિત્તના ને હૃદયના ભાગેડુ વ્યાપારોથી ભૂલવા પ્રયત્ન કરવો ને એ રીતે આનંદમાં રહેવું અથવા એ યથાર્થ અંગે આંખ આડા કાન કરવા ને અજાણ રહીને જ સુખમય રહેવું, એ તો જીવનના પ્રવાહને આંગળીઓ વચ્ચેથી વ્યર્થ સારી જવા દેવા બરાબર છે. આ સંદર્ભે ઉમાશંકર લખે છે : *"એ યથાર્થને સ્વીકારવો ને સમજવો એમાં જ જીવનની સાચી પકડ લાધવાની સંભવ છે."*

કાવ્યદીક્ષા સૌન્દર્યની - જીવનદીક્ષા પ્રેમની, એમ મનમાં ઊગવું એ એક વાત છે પણ જિવાતા જીવનની પળે પળે એ અનુભવવસ્તુ લાગે એ જુદી વાત છે : 'આત્માના ખંડેર'માં ઉમાશંકરને જે બહાર જોવા મળ્યું હતું તેનો 'સપ્તપદી'ના પ્રથમ ઘટક 'છિન્નભિન્ન છું'માં ભીતર વ્યક્તિગતરૂપે સઘનપણે સાક્ષાત્કાર થાય છે. 'છિન્નભિન્ન છું'નો વિષય છે એક-કેન્દ્ર વ્યક્તિત્વના અભાવ અંગેની તીવ્ર સભાનતા :

"માની લીધેલી એકતા વ્યક્તિત્વની
શતખંડ ત્રુટિત મેં નજરોનજર દેખી લીધી છે."

ઉમાશંકર નોંધે છે : *"છિન્નભિન્નપણાના અનુભવનું કાવ્ય જો કલાકૃતિ બની શક્યું હોય તો તેટલા પૂરતો માણસ એકકેન્દ્ર બનવા પામ્યો છે એમ કહી શકાય."* આમ 'સપ્તપદી'ની કેન્દ્રીય અનુભૂતિ 'વિશ્વશાંતિ' અને 'આત્માના ખંડેર' સાથે સંલગ્ન છે. 'સપ્તપદી'ની બીજી રચના 'શોધ' એ જીવનના સર્જનાત્મક સિદ્ધાંતની ખોજ - જીવનના સર્જનની પ્રક્રિયાની ખોજને વિષય બનાવે છે. કોઈપણ માણસના જીવનમાં એકકેન્દ્ર વ્યક્તિત્વની દિશામાં સબળપણે લઈ જનાર એક મુખ્ય વસ્તુ છે સ્વ અને સમષ્ટિના સર્જનની એની સર્જકવૃત્તિ. વ્યક્તિને સુગ્રથિત કરવામાં ઉપકારક ગણાય એવાં તત્વોમાં ઉમાશંકરને એક તરફ દુરિત તો બીજી તરફ પ્રેમ, મૃત્યુ અને એ બધાંની ઉપર એક વિશિષ્ટ પ્રકારની 'પ્રભુલગની' - એ મુખ્ય લાગ્યા કર્યા છે. દ્રષ્ટા જ્યારે છૂટાં વૃક્ષો જોતો નથી પણ વૃક્ષમય થઈ જાય છે, ત્યારે સૌન્દર્યાનુભૂતિ પ્રગટે છે, આ પ્રતીતિ સહાનુભૂતિના ફલકના માત્ર વિસ્તરણ દ્વારા જ નહીં પણ તદ્રુપતા પર આધારિત છે. આ સંદર્ભમાં ઉમાશંકર નોંધે છે : *"પુષ્પો, બાળકોનું કલહાસ્ય, એ મારી કવિતાના શબ્દ અને છંદ છે અને કન્યાઓના આશા ઉલ્લાસ એ છે મારી કવિતાની નસોનું રુધિર."* આમ અંતે તો કાવ્યની સૌન્દર્યદિક્ષા અને જીવનની પ્રેમદિક્ષા એ બે અલગ રહેવા પામતી નથી, પ્રેમ

https://www.gapbhasha.org/

અને સૌન્દર્ય એક જ્વાલ બની રહે છે. ત્રીજી રચના 'નવપરણિત પેલાં'માં પ્રણય, દામ્પત્યસ્નેહ એ એકકેન્દ્ર વ્યક્તિત્વના ઘડતરમાં કેવું પ્રબળ તત્ત્વ છે તેનો ઈશારો છે. ચોથી રચના 'સ્વપ્નોને સળગવું હોય તો'માં માણસ દુરિતની સામે જાતને બાહ્ય કરતાં વધુ આંતરરૂપે ખોડી શકે તો એકકેન્દ્ર વ્યક્તિત્વની દિશામાં એ સફળ આરંભ કરે છે એનો નિર્દેશ છે. જગતની આશા પણ એની સાથે જોડાયેલી હોવાનું સૂચવાયું છે. દુરિત સાથે તીવ્રપણે કામ પાડ્યા પછી પાંચમી રચના 'પીછો'માં પ્રભુની અનિવાર્યતા પ્રબળપણે સંવેદાય છે. છઠ્ઠી રચના 'મૃત્યુક્ષણ'માં સમયતત્ત્વની સાથે સાથે પ્રેમ અને મૃત્યુની અનુભૂતિઓ ચાલે છે. ઉમાશંકરને લાગે છે કે - *"જીવનને અંતે આવતી મૃત્યુક્ષણ એ પ્રેમ અને મૃત્યુની અનુભૂતિની ક્ષણ છે અને એસ્તો એકત્વ અર્પનાર પરમ-એક-તત્ત્વના ગઠનની એ સતત ચાલુ પ્રક્રિયા જ હોઈ શકે."* આ સંદર્ભમાં ઉમાશંકરને યુનિટી(એકતા, પૂર્ણતા) કરતાં 'ઇન્ટીગ્રેશન'(પૂર્ણાંક થવા તરફની ગતિ) શબ્દ વધુ પસંદ કરવા જેવો લાગે છે. કારણકે એમાં ગતિશીલતા છે, એ પ્રક્રિયા ઉપર ભાર મૂકે છે. તેઓ નોંધે છે : *"આ પ્રક્રિયાની ફલશ્રુતિ કોઈ કથન દ્વારા ભાગ્યે જ પ્રતીતિદાયક થઈ શકે છે. એ તો વખતે સંવેદાય છે. આસ્વાદાય છે."* સાતમી રચના 'પંખીલોક'માં એનો આસ્વાદ મળે. આ રચનામાં કાવ્યગત પાત્ર કલાકાર, કવિ છે. અભિવ્યક્તિના અન્તઃપ્રવાહના અંશો થોડે થોડે અંતરે ગૂંથાયે ગયા છે, અને એ રીતે એ આંતરલોક સાથે એ વળોટ પામે છે. અહીં 'શતખંડ ત્રુટિત' ચેતના વૈશ્વિક સંદર્ભમાં પોતાપણાને પામે છે. આમ ભૂતમાત્રની 'યા નિશા'માં 'અમોઘ જાગરણ' દ્વારા કવિ-સંવિદ ચરિતાર્થ થાય છે.

સમસ્ત કૃતિ 'સપ્તપદી'ના સમારોપ તરીકે પંખીલોકનું પ્રતીક કેવી રીતે આવ્યું તે સંદર્ભમાં ઉમાશંકર નોંધે છે : *"નાનપણથી અવાજોની દુનિયા સાથે આત્મીયતાનો નાતો રહ્યો છે. કવિ વિષે પણ ખ્યાલ રહ્યો છે કે 'એને હતું હૃદય - હતો એને અવાજ' તો હૃદયને પણ કાન છે."* ગમે તેવાં વ્યવહારકાર્યો વચ્ચે કવિનું હૃદય ઊંચેકાન રહે છે અને વખતે ક્યારેક 'પોતીકો અવાજ' પામે. ઉમાશંકરને મન કવિતા એ આ રીતે 'આત્માની માતૃભાષા' બની રહે છે.

ગાંધીનગર
૨૩ નવેમ્બર, ૨૦૨૧
ગુજરાત યુનિવર્સિટી સ્થાપના દિવસ

## સંદર્ભગ્રંથ

૧. 'સમગ્ર કવિતા' - શ્રી ઉમાશંકર જોશી
૨. 'થોડુંક અંગત' - શ્રી ઉમાશંકર જોશી

https://www.gapbhasha.org/